## જન્મદિને વધામણી



ડો. પિયુષ દવે
ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૦૪૩૮૦
૯૩૨૭૦ ૨૩૯૧૪



આર્ચી મયુરભાઈ માવાણી



પ્રભાવતી કૈલાશચંદ્ર મહેતા
(૧૦-૧૦-૧૯૪૦) મો. ૯૯૨૫૨ ૧૦૩૪૦



સુનિલ કાંતિલાલ શાહ
(૧૦-૧૦-૧૯૬૨) મો. ૯૪૦૯૪ ૦૬૫૧૯
સભ્ય, જૈન સોશિયલ ગૃપ, ગાંધીનગર



દર્શન વિપુલકુમાર ત્રિવેદી
(૧૦-૧૦-૧૯૯૨) મો. ૭૩૮૩૧ ૦૧૯૮૫
સભ્ય, જૈન સોશિયલ ગૃપ, ગાંધીનગર

# હજારો સોનાના મુગટ વચ્ચે પણ મોરપીંછની પ્રતિભા નિરાળી હોય છે





(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની સૌપ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વ-વિદ્યાલયનો યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૫' દબદબાભેર પ્રથમ વખત કડી ખાતે આરંભ પામ્યો હતો.

'રિડ્યુસ, રિયુઝ એન્ડ રિસાઈકલ' થીમ પર આધારિત આ યુવક મહોત્સવના આરંભે કડી શહેરમાં વિશ્વવિદ્યાલય ૩૦થી વધુ કૉલેજના ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦૦ શિક્ષકોની ઓપતી વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા સુંદર મજાના ટૅબ્લો સામેલ હતા.

પર્યાવરણ સંરક્ષણ, ફૂલછોડ, વેસ્ટમાંથી બેસ્ટ, કાગળમાંથી બનાવેલાં કપડાં, રિસાઈકલીંગ, ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટનો ઉપયોગ કરીને બનાવેલી કલાકૃતિઓએ કડી શહેરવાસીઓનું ધ્યાન ખેંચ્યું હતું. તો સૌથી વધુ વિદ્યાર્થીઓએ આ રેલીમાં સાઈકલનો ઉપયોગ કરીને એક સુંદર પ્રાયોગિક સંદેશ કડી શહેર અને સમાજને આપ્યો હતો.

કડી સર્વ વિદ્યાલયના નવનિર્મિત ઑડિટોરિયમમાં આયોજિત યુવક મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં બોલતાં જાણીતા કટારલેખક અને વક્તા જય વસાવડાએ જણાવ્યું હતું કે જ્યારે કાર ચલાવતાં વધુમાં વધુ વખત તમારો પગ ઍક્સીલેટર પર જાય તો સમજો કે તમે યુવાન છો અને જો તમારો પગ વધુમાં વધુ વખત બ્રેક પર જાય તો સમજો કે તમને બુઢાપો આવી ગયો છે. પોતાના અસરકારક અને સદાબહાર વક્તવ્યથી એમણે યુવાઓને હિલોળે ચડાવ્યા હતા.

આધુનિક યુગમાં યુવાઓ દ્વારા સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગ પર કટાક્ષ કરતાં એમણે જણાવ્યું હતું કે પહેલાં એવું હતું કે આંખ બંધ થાય ત્યારે ઉંઘ આવતી હતી, પણ હવે એવું થાય છે કે નેટ બંધ થાય ત્યારે ઉંઘ આવે છે.

સત્યમ, શિવમ્ અને સુંદરમ્‌ની વ્યાખ્યા આપતાં એમણે જણાવ્યું હતું કે સત્યમ એટલે સાયન્સ, સત્ય



જે ગમે તે પરિસ્થિતિમાં પૂરવાર થાય. શિવમ એટલે ઉદારતા, ક્ષમા, વાત્સલ્ય, આત્મીયતા જેવા સદ્‌ગુણો અને સુંદરમ એટલે આપણા દેશની મહાન સંસ્કૃતિ, જ્યાં વિશ્વનો સૌથી લાંબો નૃત્ય મહોત્સવ 'નવરાત્રી' ઉજવાય છે અને ઈશ્વરની પ્રતિમાઓ પણ નૃત્યની મુદ્રામાં હોય છે.

આપણો દેશ એ 'ડીલ'થી ચાલતો દેશ નહીં, 'દિલ'થી ચાલતો દેશ છે એમ જણાવી તેમણે યુવાનોને કંઈક અલગ કરવા માટે અભિપ્રેરિત કર્યા હતા. આ માટે ભગવાન શ્રીકૃષ્ણનું ઉદાહરણ આપતાં એમણે જણાવ્યું હતું કે હજારો સોનાના મુગટ વચ્ચે પણ મોરપીંછની પ્રતિભા કંઈક નિરાળી હોય છે.

આજના સ્પર્ધાત્મક યુગની જરૂરિયાત અનુસાર યુવાનોને વધુ મહેનત કરવાની શીખ આપતાં એમણે બરાક ઓબામાનું વાક્ય ટાંક્યું હતું : નૉલેજ ઈઝ ધ કરન્સી ઑફ ટ્વેન્ટી ફર્સ્ટ સૅન્ચ્યુરી.

સલમાન ખાનના પરિવાર સાથેના પોતાના અનુભવો વર્ણવતાં એમણે જણાવ્યું હતું કે સલમાન ખાન આખા દિવસના શૂટીંગ પછી રાત્રે દોઢ વાગ્યે ઘરે આવે તો પણ કસરત કરવાનું ચૂકતો નથી, એ છે એની ફિટનૅસ અને સફળતાનું રહસ્ય.

અંતે એમણે સાહસ, ધૈર્ય અને પ્રતિબદ્ધતાને યુવાઓની ત્રણ ખાસિયતો તરીકે વર્ણવી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમેન વલ્લભભાઈ પટેલે કડી ખાતે આયોજિત યુવક મહોત્સવનો હરખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ એક અત્યંત આનંદની બાબત છે કે આપણી યુનિવર્સિટીનો યુવક મહોત્સવ પૂ. છગનભા અને પૂ. માણેકલાલ સાહેબની કર્મભૂમિ એવા કડી શહેરના પરિસરમાં યોજાઈ રહ્યો છે. યુવાઓના સર્વાંગી વિકાસની આવી પ્રવૃત્તિઓ યોજવા માટે ભવિષ્યમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તેમણે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

સંગત-૨૦૧૫ના પ્રથમ દિવસે આજે ડાન્સ વિભાગ અંતર્ગત ફોક/ટ્રાઈબલ ડાન્સ, થિયેટર વિભાગ અંતર્ગત સ્કીટ અને મિમિક્રી, સાહિત્ય વિભાગ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા, શીઘ્ર વક્તૃત્વ, કાવ્યપઠન, પાદપૂર્તિ અને સંગીત વિભાગ અંતર્ગત ઈન્ડિયન ગૃપ સોંગ, લાઈટ વોકલ અને ક્લાસિકલ ઈન્સ્ટ્રુમેન્ટ (પર્કસન અને નોન પર્કસન) તથા ફાઈન આર્ટ્સ વિભાગમાં રંગોળી, કાર્ટૂનીંગ અને પોસ્ટર મેકીંગ સ્પર્ધા આજે યોજાઈ હતી.

વક્તૃત્વ સ્પર્ધા માટે રીસાઈકલિંગ, સ્ત્રી સશક્તિકરણ અને આજની શિક્ષણ પદ્ધતિ જેવા વિષયો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા છે જ્યારે આવતીકાલે ડિબેટ માટે 'આર્થિક વિકાસ કે પર્યાવરણ સંરક્ષણ ? - કોને મળવી જોઈએ પ્રાથમિકતા ?', 'કમ્પ્યુટરના લાભાલાભ' અને 'સોશિયલ નેટવર્કિંગ - આધુનિક યુગ માટે આશીર્વાદ કે અભિશાપ ?' વિષયો આપવામાં આવ્યા છે. કાવ્યપઠન સ્પર્ધામાં જોગાનુજોગ જ 'મા' અંગેના કાવ્યોનું પ્રભુત્વ રહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટી દ્વારા પ્રથમ વખત જ આ યુવક મહોત્સવમાં પચીસ વર્ષથી વધુ વય ધરાવતા સ્પર્ધકોને ડિસક્વોલિફાઈ કરવામાં આવ્યા હતા. અલબત્ત, એમને પરફોર્મન્સ કરતા રોકવામાં આવ્યા ન હતા, પરંતુ પરફોર્મન્સ બાદ જે કોઈ સ્પર્ધકની વય વધુ હતી તેમને આ સ્પર્ધામાં તેઓ નથી, એમ સ્પષ્ટ જણાવી દેવામાં આવ્યું હતું. આ કારણે થોડા સ્પર્ધકો આપોઆપ સ્પર્ધામાંથી બાદ થઈ ગયા હતા.



## ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજનો આંતર ઝોન યુથ ફૅસ્ટીવલમાં જ્વલંત દેખાવ



ગાંધીનગર, તા. ૯

તાજેતરમાં સંપન્ન થયેલા ગુજરાત યુનિવર્સિટી આંતર ઝોન યુથ ફેસ્ટીવલમાં ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજની વિદ્યાર્થની કુ. શ્રદ્ધા ગઢવી મિમિક્રી સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયાં હતાં.

ગુજરાત યુનિવર્સિટીની ૩૦૦ જેટલી કૉલેજ પાંચ ઝોનમાં વિભાજિત છે, જેમાં ગાંધીનગર નોર્થ ઝોનમાં એટલે કે એલિસબ્રિજ ઝોનમાં સામેલ છે. પ્રથમ આ લેવલે સ્પર્ધા થાય છે, જેમાં ૭૦ જેટલી કૉલેજીસ ભાગ લે છે. આ ઝોનમાં પણ કુ. શ્રદ્ધા ગઢવી બેસ્ટ થ્રીમાં પસંદગી પામ્યાં હતાં. ત્યારબાદ આંતર ઝોનમાં શાનદાર દેખાવ કરીને યુનિવર્સિટીમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો. હવે તેઓ આંતર યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં ભાગ લેવા જશે. કૉલેજે પ્રથમ વખત જ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને તેમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. કુ. શ્રદ્ધાના પ્રશંસનીય દેખાવ બદલ કૉલેજના કા. આચાર્ય પ્રા. પાર્થ જોષી, યુથ ફેસ્ટીવલ ઈન-ચાર્જ પ્રા. પાયલબેન પંડ્યા, ડૉ. પ્રણવ જોષીપુરા, ડૉ. કીર્તિકમલ વાઘેલા તથા સમગ્ર કૉલેજ પરિવારે તેમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે રંગોળી અને કોલાજની આંતર ઝોન સ્પર્ધામાં પણ કૉલેજની વિદ્યાર્થીનીઓએ પ્રશંસનીય દેખાવ કર્યો હતો.

## મનોરંજન

| સિનેમેક્સ |
| --- |
| **સ્ક્રીન-૧** |
| ઉડી ધ વૉક (હિન્દી) |
| ૯.૦૦, ૧૧.૪૫, |
| ૫.૧૫, ૧૦.૪૫ |
| તલવાર |
| ૨.૩૦, ૮.૦૦ |
| બાંકે કી ક્રેઝી બારાત |
| ૬.૩૦, ૯.૩૦ |
| **સ્ક્રીન-૨** |
| ગુજ્જુભાઈ ધ ગ્રેટ |
| ૧૦.૦૦, ૧.૦૦, |
| ૪.૦૦, ૧૦.૧૦ |
| રૂદ્રમા દેવી (તેલુગુ) |
| ૭.૦૦ |
| **સ્ક્રીન-૩** |
| સિંઘ ઈઝ બ્લિંગ |
| ૧.૦૫, ૭.૧૦ |
| બાંકે કી ક્રેઝી બારાત |
| ૪.૧૦ |
| **સ્ક્રીન-૪** |
| જઝ્બા |
| ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫ |
| ૭.૧૫, ૧૦.૧૫ |

| સિટી પલ્સ |
| --- |
| **સ્ક્રીન-૧** |
| જઝ્બા |
| ૧૨.૩૦, ૩.૩૦, |
| ૬.૩૦, ૧૦.૦૦ |
| **સ્ક્રીન-૨** |
| સિંઘ ઈઝ બ્લિંગ |
| ૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૧૫ |
| તલવાર |
| ૭.૧૫ |
| **સ્ક્રીન-૩** |
| ધ વૉક (હિન્દી, ૩ડી) |
| ૧૨.૩૦, ૧૦.૧૫ |
| ધ વૉક (અંગ્રેજી, ૩ડી) |
| ૩.૦૦, ૭.૪૫ |
| ધ માર્શીયન (અંગ્રેજી, ૩ડી) |
| ૫.૧૫ |
| **સ્ક્રીન-૪** |
| તલવાર |
| ૧૦.૦૦ |
| ગુજ્જુભાઈ ધી ગ્રેટ |
| ૪.૦૦, ૭.૧૫ |
| રુદ્રમા દેવી |
| ૧.૦૦, ૧૦.૧૫ |
| **સ્ક્રીન-૫** |
| જઝ્બા |
| ૧૦.૦૦ |
| તલવાર |
| ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦ |
| સિંઘ ઈઝ બ્લિંગ |
| ૬.૪૫ |

## ગાંધીનગર સાહિત્ય સભામાં કાવ્ય પઠનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતી સાહિત્યની ઉપાસના માટે દર મહિનાના બીજા રવિવારે છેલ્લાં ૧૮ વર્ષથી અચૂક મળતી ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક અધ્યક્ષ ભરત કવિના સંચાલનમાં આગામી તા. ૧૧ના રોજ સાંજે પાંચ વાગે નમન ઍપાર્ટમેન્ટ, સૅક્ટર-૨૧ ખાતે મળશે.

આ માસની બેઠકમાં પાટણના નિવૃત્ત પ્રાધ્યાપક અને ઍવોર્ડ વિનર વિનર કવિ જીતેન્દ્ર કા વ્યાસનું કાવ્ય પઠન અને ડૉ. સોમભાઈ પટેલ દ્વારા એમના કાવ્યના ગાયનનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ સાહિત્ય પ્રેમીઓને પધારવા મંત્રી સંજય થોરાતે આમંત્રણ પાઠવ્યું છે.

# હીટ લિસ્ટ નહીં, હેટ લિસ્ટ બનાવીએ

આજકાલ આપણને અવારનવાર સાંભળવા મળે છે કે ફલાણા નેતાજીનું નામ કે ફલાણા હીરો-હીરોઈનનું કે ઉદ્યોગપતિનું નામ હિટ લિસ્ટમાં આવી ગયું પણ આપણે થોડું અલગ કરવાનું છે.

આપણને જીવનમાં દરેક તબક્કે ઘણી બધી એવી વ્યક્તિઓ મળે છે કે જે આપણને ગમતી નથી. કારણ કે તેઓના અને આપણા વિચારો મળતા આવતા નથી. આપણી અપેક્ષા મુજબની તે વ્યક્તિઓ નથી. એવી વ્યક્તિઓ કુટુંબમાં, પાડોશમાં, સમાજમાં કે આપણા શાળા, કૉલેજો કે નોકરી-ધંધાની જગ્યાએ પણ મળી રહે છે. દિવસે-દિવસે આવી વ્યક્તિઓ માટે આપણા મનમાં નફરત વધતી જાય છે અને આવું લિસ્ટ વધતું જ રહે છે. જેની ખૂબ માઠી અસર આપણા મન પર અને અંતે તન પર પડતાં આપણે જ્યાં-જ્યાં જઈએ ત્યાંના વાતાવરણ પર પણ પડે છે. તો ચાલો, આ બધાથી બચવા એક સરળ ઉપાય અજમાવીએ.

એક દિવસ આપણે જેને નફરત કરીએ છીએ એવા લોકોની યાદી (હેટ લિસ્ટ) બનાવવાનું શરૂ કરીએ. તેમાં ક્રમાંક, નામ અને કારણનું કોલન બનાવીએ. કદાચ એ યાદી, ૨૦, ૩૦, ૫૦ કે ૧૦૦ કે તેથી વધુ પણ હોઈ શકે આખી યાદી (કારણ સહિતની) બનાવી દીધા પછી ફરી એકવાર ક્રમશઃ વાંચવાનું શરૂ કરીએ. કારણોમાં શું જણાશે ? (૧) મેં અને કામ સોંપ્યું અને એણે કામ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી. (૨) મેં સોંપેલું કામ સમયસર ના કર્યું. (૩) મને એના ચહેરાથી જ નફરત છે. (૪) મને એનું વર્તન જ નથી ગમતું. (૫) હંમેશા દરેક જગ્યાએ (દરેક વખતે) મોડા જ પહોંચે છે. (૬) ઉપરી અધિકારીર હોય તો મને કાયમ લડ્યા જ કરે છે, મારા કામની કદર જ કરતા નથી, દરેક કામમાં વાંક જ શોધ્યા કરે છે. (૭) હાથ નીચે કામ કરતાં કર્મચારી હોય તો મારા કહ્યામાં નથી, કોઈ કામ જ આવડતું નથી. ઓફિસમાં ઉઠવા-બેસવાનો ઢંગ નથી. આખો દિવસ બબડાટ કર્યા કરે છે, કોઈ કામ સમયસર કરતા નથી. વગેરે... વગેરે... શાળા-કૉલેજોમાં સિનિયર્સ હેરાન કરે તો નફરત જુનિયર્સ કહ્યું ના કરે તો નફરત...!

આમ હેટ એટલે નફરત માટેનાં ઘણાં કારણો મળી રહે છે. પણ, ફરી ધ્યાનથી જોઈશું અને વિચારીશું તો બધાં કારણો ક્ષુલ્લક લાગશે. જેમકે, (૧) એણે કામ કરવાની ના પાડી દીધી તો એ કામ એની ફરજમાં નહોતું આવતું અથવા તો એ કામ એને આવડતું નહોતું કાં તો એ કામ એની ક્ષમતા બહારનું હતું એવાં વિવિધ ચોક્કસ કારણો હશે એટલે ના પાડી હશે એમાં શું ખોટું કર્યું ? જો, આ જ પરિસ્થિતિ મારી સામે હોત તો હું પણ આમ જ કરત ને ? આવી બાબતમાં નફરત કરાતી હશે ? લિસ્ટમાં નામ કેન્સલ. (૨) કામ સમયસર ના કરી શક્યા એની પાછળ કોઈ મજબૂરી હશે અથવા કોઈ ચોક્કસ/સબળ કારણ હશે. આવી અમથી બાબતમાં તે નફરત કરવાની હોય ? લિસ્ટમાંથી નામ રદ. (૩) માનવીનો ચહેરો એ ભગવાનની દેન છે. એમાં કોઈને ભગવાને ચહેરો જેવો આપ્યો હોય તેમાં એ વ્યક્તિનો શું વાંક ? આવી વ્યક્તિઓ સાથે નફરત કરવી એ ભગવાન સાથે નફરત કર્યા બરાબર ગણાશે. ચાલો, આવાં નામે પણ યાદીમાંથી રદ. (૪) અધિકારીઓ જ્યારે કોઈ કારણસર વઢે કે ગુસ્સે થાય તો સીધી ને સમજવા જેવી વાત છે કે મહદઅંશે એમને પણ એમના ઉપરી અધિકારીઓ તરફથી તે કામ માટેનું ખૂબ દબાણ હશે અને એ કામગીરી મારા ભાગે આવતી હોઈ, મારે કરવાની હોઈ અને અગત્યની હોઈ મારા પર જ દબાણ આવે ને ? અને ક્યારેક વડીલ તરીકે ગુસ્સો પણ કરે. ઘણી વ્યક્તિઓને, અધિકારીઓને કુટુંબમાં જ એવો માહોલ મળ્યો હોય જેને કારણે એ બધા સાથે આકરી ભાષામાં જ વાત કરે. અથવા તો એવી કોઈ ગ્રંથિ મનમાં બંધાઈ ગઈ હોય કે ઝઘડીશું તો જ લોકો સરખી રીતે કામ કરશે. હવે આવી કુટેવને કારણે શું મારે મારો સ્વભાવ બગાડવાનો કે મારો મૂડ બગાડવાનો ? જિંદગીભર એમની સાથે નફરત કરતા રહેવાની ? આ તો રોજનું થયું. ક્યારેક અધિકારી બદલાઈ જવાના તો હું ક્યારેક બદલાઈ જઈશ, જ્યારે સંબંધ તો આજીવન સાચવવા જેવી કિંમતી ચીજ છે. નફરત ઓછી આજીવન રખાય ? બસ, આ વિચારને અમલમાં મુકીશું તો કંઈ કેટલાંય નામો હેટ લિસ્ટમાંથી એકસામટાં નીકળી જશે.

શાળા-કૉલેજમાં સિનિયર્સ તરીકે જુનિયર્સને હેરાન કરવા જઈએ ત્યારે પોતાને સિનિયર્સે હેરાન કર્યા હતા ત્યારે કેટલું દુખ થયું હતું એ વિચારીએ તો જુનિયર્સનાં નામ પણ યાદીમાંથી રદ. એ જ રીતે જુનિયર તરીકે સિનિયર્સને હેરાન કરવા જાઓ તો તેમને સમજાવવાનો પ્રયત્ન કરવાનો હોય, ઉપરી અધિકારીઓને ફરિયાદ કરવાની હોય અથવા સામાન્ય મજાક ગણી નકારી દેવાની. એવી બાબતમાં આખી જિંદગી નફરત કરીને પોતાની જાતને દુખી કરવાનો શો અર્થ ? ચાલો, આ તમામ નામ પણ હેટ લિસ્ટમાંથી રદ.

ઘરમાં તો આવા ઘણા સંબંધો મળશે જેમકે નણંદ, દિયર, દેરાણી, ભાઈ, બહેન, સાસુ, સસરા તેમજ આડોશીપાડોશીઓ સાથે પણ અવારનવાર નાના-મોટા અણબનાવ બનતા હોય પણ પાડોશમાં સંબંધ બગડતા હશે ? કારણ પહેલો સગો પાડોશી. અડધી રાત્રે કે અચાનક ગમે ત્યારે કોઈ દુર્ઘટના બને કે કોઈ અણધારી જરૂર પડે ત્યારે સગાં પછી પહોંચશે પણ પહેલાં પાડોશી તરત દોડી આવશે, પણ એ ક્યારે બનશે ? જ્યારે સંબંધ સારા રાખ્યા હશે ત્યારે. આથી, આવાં નામો તો હેટ લિસ્ટમાં આવી જ ના શકે અને જો આવ્યાં હોય તો આવાં નામો પણ હેટ લિસ્ટમાંથી રદ. આમ કરતાં કરતાં આ હેટ લિસ્ટ ઘટતાં-ઘટતાં ધીમે ધીમે શૂન્ય પર પહોંચી જશે.

આ નાની અમથી ઍક્સરસાઈઝ બહુ મોટું, સારું અને અસરકારક પરિણામ લાવશે અને જીવનમાં મોટો બદલાવ લાવશે. એટલું જ નહીં, આ બધી વ્યક્તિઓમાં આપણા માટે સકારાત્મક અને સારા વિચારો આવશે. એકવાર અજમાવા જેવું તો ખરું. અને હા, આપણે એ પણ વિચારવાની જરૂર છે કે આપણે તો કોઈકના હેટ લિસ્ટમાં નથી આવતા ને?

- લક્ષ્મી વાધવાણી





વન સંશોધન સંકુલ, બોરીજ ખાતે આયોજિત વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત લેખિત ક્વિઝ સ્પર્ધામાં સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૩૦માં અભ્યાસ કરતા ધોરણ-૮ના વિદ્યાર્થી ભરત પ્રતાપજી મેઘવાળ પ્રથમ, વનરાજ રતનસિંહ સોલંકી દ્વિતિય અને રાજેશ્વરી જલાજી ડાભી તૃતિય સ્થાને વિજેતા જાહેર થયાં હતાં.